# રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના અખ્લાકે કરીમા

અલ્લાહતઆલએ કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શાનાતે આલીયા અને ખસાઈલે હમીદા વાસ્તે ફરમાવું છે કે, **"ઇન્નકા લઅલા ખોલોકિન અઝીમ"**, અય રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.), આપ ઉંચી ખસ્લત અને અખ્લાકના માલિક છો. રસૂલે અકરમ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, "હું લોગોને દરમિયાન એના વાસ્તે મોકલવામાં આવો હતો કે હું મકારિમે અખ્લાકને તમામ કરૂ." કુરૈશના કબીલાવાલાઓ જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નુબુવતના શરફથી ખાસ થયા તે પહેલા આપને સાદિકે અમીનના નામથી પુકારતા અને આપને ખસ્લતો સીરતમાં પૂરેપૂરા કામિલ માનતા. સૈયદના અબુ હાતિમિર્રાઝી આપના કિતાબ "આઅલામુન નુબુવત" માં બયાન ફરમાવે છે કે, કુરૈશ બૈતુલ્લાહને બનાવવા જમાઅ થયા જે વક્ત બૈતુલ્લાહની બુનિયાદ કમ્ઝોર થઇ ગઇ હતી તો તમામ સરદારો એકબીજાની મદદ કરવા લાગા. હવે આ દૌરાન જે વક્ત હજરે અસ્વદને તેની જગા પર મુકવાની નૌબત આવી તો આપસમાં ઝઘડો અને મુખાલેફત કરવા લાગા. તમામ એ વાત પર મુત્તફિક થયા કે, હમે મોહંમદ બિન અબ્દિલ્લાહને ઈન્સાફ કરનાર બનાવીએ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફજરમાં પધારા, આપે મોટી ચાદર બીછાવી, આપના દસ્તે મુબારકથી હજરે અસ્વદને તેમાં મુકા. કબીલાઓના હર રઈસ-સરદારે ચાદરનો છેડો પકડો અને હજરે અસ્વદને ઉંચા કીધા અને આપ (સ.અ.વ.વ.) એને એના મકામ પર મુકા. **આ સરદારોની રઝામંદી, આપ પર એઅતેમાદ, આપની રાય પર ભરોસો, આપની અમાનતમાં વફાદારી, આપની અક્લની સિયાનત અને આપના કૌલની સચ્ચાઇ પર મબ્ની હતી.** અને જહાઁ તક આપ નબી ઝાહિર ન થયા વહાં તક આ કુરૈશીઓ આપને એ જ ઈઝ્ઝતની નિગાહથી જોતા હતા.

ચાલીસમાં વરસે ૨૭ મી રજબે જે વક્ત અલ્લાહતઆલાએ આપને રિસાલતના દરજામાં દાખિલ કીધા તો આપે ઈલાહી ફરમાન મુજબ મઝહબે જાહેલીયતમાં ઐબ નીકાલા. અલ્લાહ સિવાયની ઈબાદત કરવાથી રોકા, તેથી એ લોગો આપના જાની દુશ્મન થઇ ગયા. તેમાંથી ચંદ આપને કહેવા લાગા કે, અય મોહંમદ ! હમે તો આપને સાદિક અને અમીન સમઝતા હતા પણ આપે હમારા દીનને જ જૂઠું કહ્યું છે. તો અલ્લાહતઆલાએ આયતે શરીફા નાઝિલ ફરમાવી કે, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ! આપને એ કુફ્ફારે કુરૈશ હરગિઝ હરગિઝ જુઠલાવી નહી શકે, પણ એ તો ઝાલિમો છે જે અલ્લાહતઆલાની નિશાનીઓનો ઈન્કાર કરે છે. તે બાદ ચંદ લોગોએ નઅઉઝો બિલ્લાહ આપને મજનૂન કહ્યા, જાદુગર કહ્યા, જૂઠા કહ્યા, બનાવટી કહ્યા, પણ ***અલ્લાહતઆલાએ તે કુફ્ફારના કૌલને રદ્દ કરવા આયત પછી આયત નાઝિલ ફરમાવીને આપની સદાકત અને અમાનતના લકબોને બરકરાર રાખા અને આપને હર તરહથી સબર આપો.*** તે બાદ જાહિલ બદ-દીનોના તાઅના આપને અસરઅંદાઝ કરી શકતા નહોતા અને આપની અક્લની કમાલીયત, સમઝની તમામીયત અને હક્કો બાતિલને દરમિયાનની તમીઝ એ દરજા પર પહોંચી કે જેમ જેમ ઝમાનો ગુઝરતો ગયો તેમ તેમ કુફ્ફારની તાઅનાઝની સાથે અલ્લાહતઆલા પર યકીને કામિલ હોવાના સબબ આપ કારે રિસાલત બાખૂબી ચલાવતા ગયા અને દુશ્મનોને હલીમ તબીઅતથી ઝેર કરતા ગયા.

આપની સીરતે તૈયબાહમાં સખાવતની ખસ્લત ગૈરમાઅમૂલી હતી. એનો એ આલમ હતો કે આપ આપને પાસ દીનાર-દિરહમનો ઝખીરો કરતા નહોતા પણ તેને સદકાત તરીકે મિસ્કીનો અને ફકીરોમાં તકસીમ કરી દેતા હતા. આપની સખાવતની હદ એ હતી કે, આપે બે મોટા બગીચા ખરીદા હતા અને તેને સદકામાં અરઝ કરી દીધા હતા. સૈયદના અબુ હાતિમિર્રાઝી (ક.રૂ.) એક રિવાયત નકલ કરે છે કે, "એક મિસ્કીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે આવો અને સવાલ કીધો. તે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પાસે કોઇ એવી ચીઝ ન હતી જેનો આપ સદકો કરે. તો આપે આપના જિસ્મ પર પહેરેલુ પૈરહન સદકામાં તે મિસ્કીન ને બખ્શી દીધું." તે વક્ત અલ્લાહતઆલાએ આયતે મુબારકા નાઝિલ કીધી કે, *"અય મોહંમદ ! તમે તમારા બેવે હાથોને તમારી ગરદન તરફ વાલી ન દો અને એટલા પણ તેને ફેલાવો નહી જેથી આપને મલામત અને તંગી થાય."* યાઅની કે હસ્બે હૈસીયત સદકો આપો.

**હલીમી અને નરમી આપની સીરતે તૈયબાહમાં શામિલે હાલ હતી. આપ ગુનેહગારોને મઆફ કરવામાં પહેલા હતા.** જે વક્ત આપના દસ્તે મુબારક પર મક્કા ફતેહ થયું અને આપ ઈમાનદારોના લશ્કરે અઝીમ લઈને દાખિલે મક્કા થયા, તો જે લોગો એ ૨૦ વરસથી આપને સાથે અદાવત રાખી હતી અને જંગ કીધી હતી; તે લોગો ને આપે તેઓના ખાનદાનવાલા સાથે મક્કાથી બહાર ન નિકાલા પણ તેઓને મઆફ કરી દીધા. ફક્ત આપે ૪ જણા ને કાઅબાના પડદા નીચે કત્લ કરવાનો હુક્મ કીધો. આપે અબુ સુફયાન જેવા ઈસ્લામના કટ્ટર દુશ્મનને કહ્યું કે, જે બૈતુલ્લાહના હરમમાં આવે, જે અબુ સુફયાનના ઘરમાં રહે અને જે પોતાના ઘરમાં પોતાની ઝાતને કૈદ કરી લે, એ તમામને વાસ્તે અમાન છે. આપે અબુ સુફયાનને મઆફ કીધો. આપના કાકાજી હ.અમીર હમઝા (અ.સ.) નું કલેજુ ખાનારી હિન્દા બિન્તે ઉત્બાને મઆફ કીધી. તેના વહેશી ગુલામ જુબૈર બિન મત્અમને મઆફ કીધો. આ બધા દુશ્મનાને દીને ઈસ્લામને આપે દરિયાદિલી સાથે બખ્શી દીધા. ઈસ્લામના કટ્ટરમાં કટ્ટર દુશ્મન સફવાન બિન ઉમૈયાને આપે મઆફ કીધો. આ બધા દુશ્મનાને દીને ઈસ્લામને આપે દરિયાદિલી સાથે બખ્શી દીધા. આ મુજબના કિસ્સા તો આપની રિસાલતના ૨૩ વરસમાં બેશુમાર ગુઝરા છે.

આ સિવાય બીજી ખસ્લતોમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શુજાઅત, વકાર, હૈબત, રોઅબ, વફા, તવાઝોઅ, કુવ્વત અને દીગર નુબુવતના દરજાને કાબિલ આપની અઝમતો શરાફત બેમિસાલ અને નાદિર હતી. અલ્લાહનો લાખ-લાખ શુક્ર છે કે રસૂલે કરીમ (સ.અ.વ.વ.) કે જેમને અલ્લાહતઆલાએ બશીર, નઝીર, દાઇ અને સિરાજે મુનીર બનાવીને આ દુનિયામાં મોકલા અને સાહબે રહેમતનો લકબ હાસિલ કીધો તે બરકત આજે પણ દાઅવતે શરીફામાં કાઇમો દાઇમ છે અને સૈયદના વ મૌલાના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) આ સીરતે પાક અને ખસ્લતે મોહંમદીયાહના ખુલાસા આજે હમારે દરમિયાન મૌજૂદ અને આશ્કાર છે. ★